Upload National Evening News 14-09-2024 at 7.50-8.00pm-1

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ ગ્રાહકોને પોષણક્ષમ ભાવે ડુંગળી મળી રહે તે માટે જથ્થાબંધ ભાવે વેચાણની સરકારની વ્યૂહરચના
- ✓ પ્રધાંનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરના ડોડામાં ચૂંટણી સભા સંબોધતા સહિયારા પ્રયાસોથી જમ્મુકાશ્મીરને સુરક્ષિત અને સમૃધ્ધ બનવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો
- ✓ આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઝારખંડના જમશેદપુરમાં છ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે..આવતીકાલથી પ્રધાનમંત્રી ગુજરાતના પણ ત્રણ દિવસના પ્રવાસે
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે દેશને એક તાંતણે બાંધવા હિન્દી ભાષાનું મહત્વપૂર્ણ યોગદાન છે
- ✓ આઇસીએમઆરે પ્રથમ માનવ તબીબી તપાસ માટે ફાર્મા કંપનીઓ અને શૈક્ષણિક સહયોગીઓ સાથે સમજૂતી કરાર કર્યા
- ✓ ભારતે પાકિસ્તાનને હરાવીને હિરો એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઇલનમાં પ્રવેશ મેળવ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**<u>GOVT---ONION</u>**

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે સરકાર ગ્રાહકોને પોષણક્ષમ ભાવે ડુંગળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે જથ્થાબંધ વ્યૂહરચના અપનાવી રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે માંગ-પુરવઠાની સ્થિતિ અને ભાવના વલણોના આધારે ડુંગળીનો લક્ષ્યાંકિત અને સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા સરકાર રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. સરકારનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશભરના દરેક ઘર સુધી પોસાય તેવી ડુંગળી પહોંચે. મંત્રાલયે કહ્યું કે સરકાર ડુંગળીના ભાવ પર નજર રાખવા માટે પ્રતિબદ્ધ છે.

મંત્રાલયે કહ્યું કે રાહત દરે ડુંગળીના છૂટક વેચાણ પર કેન્દ્રની પહેલ તેની કિંમતમાં ઘટાડો દર્શાવે છે. આ મહિનાની 5મી તારીખે મોબાઈલ વાન પર 35 રૂપિયા પ્રતિ કિલોના રાહત દરે ડુંગળીનું છૂટક વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. દિલ્હી, મુંબઈ અને ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં જથ્થાબંધ વેચાણ શરૂ થઈ ચૂક્યું છે અને આગામી દિવસોમાં હૈદરાબાદ, બેંગલુરુ અને કોલકાતા સહિત તમામ રાજ્યની રાજધાનીઓમાં તેનો વિસ્તાર કરવામાં આવશે.

## PM-J-K-RALLY

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે  જમ્મુ-કાશ્મીરના ડોડાના સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધી હતી. તેમણે જમ્મુ-કાશ્મીરના લોકોને વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મત આપવા વિનંતી કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે આપણે સાથે મળીને સુરક્ષિત અને સમૃદ્ધ જમ્મુ અને કાશ્મીર બનાવીશું. તેમણે કહ્યું કે આ વખતે ચૂંટણી કેન્દ્ર શાસિત પ્રદેશનું ભાવિ નક્કી કરવા જઈ રહી છે. . તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપ સરકારે યુવાનોના સારા ભવિષ્ય માટે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિવિધ શાળાઓ અને કોલેજોનું ઉદ્ઘાટન કર્યું છે. શ્રી મોદીએ મતદારોને કહ્યું કે તેઓ જે રાજકીય પક્ષો પર

વિશ્વાસ કરે છે તેઓ તેમના બાળકોની અવગણના કરે છે અને માત્ર તેમના પરિવારના હિતોને અનુસરે છે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના યુવાનો આતંકવાદથી પીડિત છે અને પક્ષો લોકોને ગેરમાર્ગે દોરીને ભત્રીજાવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે ડોડામાં મેડિકલ કોલેજની લાંબા સમયથી પડતર માંગણી પણ તાજેતરમાં ભાજપ સરકારે પૂરી કરી છે.

## PM---JHARKHAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઝારખંડના જમશેદપુરમાં છ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. તેમાં ટાટાનગર-પટના, વારાણસી-દેવઘર, ટાટાનગર-બ્રહ્મપુર, હાવડા-ધનબાદ-ગયા, હાવડા-દુમકા-ભાગલપુર અને હાવડા-ટાટાનગર-રૌરકેલા વંદે ભારત એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

ટાટાનગર રેલ્વે સ્ટેશન પર આયોજિત એક ભવ્ય સમારોહમાં આ ટ્રેનોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ ટ્રેનોનો ઉદ્દેશ્ય ઝારખંડ અને પડોશી રાજ્યોમાં સંપર્ક અને સુવિધાને પ્રોત્સાહન આપવાનો છે

પ્રાદેશિક ઢાંચામાં સુધારો કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરતાં ઝારખંડમાં કેટલાક મોટા રેલવે પ્રોજેક્ટ્સનું પણ આ કાર્યક્રમમાં અનાવરણ કરવામાં આવશે.

આ દરમિયાન પ્રધાનમંત્રી મોદી આવતીકાલે જમશેદપુરના ગોપાલ મેદાનમાં જનસભાને સંબોધશે. જાહેર સભા પહેલા તેઓ વોલ્ટાસ રાઉન્ડ અબાઉટથી ગોપાલ મેદાન સુધી દોઢ કિલોમીટર લાંબો રોડ શો કરશે.

## PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15 સપ્ટેમ્બરનાં રોજ ગુજરાતની મુલાકાતે આવશે. બપોર બાદ તેઓ અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ એરપોર્ટ પરથી ગાંધીનગર ખાતે રાજભવન જશે.. પ્રધાનમંત્રી 16 તારીખે સવારે પોણા દસ વાગ્યે

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ,રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## EVE-SHAH---RAJBHASHA-SAMMELAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હિન્દી દિવસે કહ્યું કે હિન્દી ભાષાએ દેશને એક કરવામાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે હિન્દી અને અન્ય ભાષાઓ વચ્ચે કોઈ સ્પર્ધા નથી કારણ કે આ ભાષાઓ એકબીજાની પૂરક છે. આજે નવી દિલ્હીમાં રાજભાષા ડાયમંડ જ્યુબિલી ઉજવણી અને ચોથી અખિલ ભારતીય રાજભાષા પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી શાહે કહ્યું કે તમામ ભાષાઓને મજબૂત કરવાથી જ એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થશે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં બાળકોને તેમની માતૃભાષામાં શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી શાહે કહ્યું કે સરકારે હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે આ અંતર્ગત હિન્દી ભાષાના તમામ લેખો, ભાષણો અને સાહિત્યિક કૃતિઓનો અન્ય ભાષાઓમાં અનુવાદ કરવામાં આવશે અને અન્ય ભાષાઓની કૃતિઓનો હિન્દીમાં અનુવાદ કરવામાં આવશે.

હિન્દી દિવસના અવસરે, રાજભાષા વિભાગે હિન્દીને અધિકૃત ભાષા તરીકે 75 વર્ષ પૂરા થવા પર એક સંમેલનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે રાજભાષા ભારતી મેગેઝિનના વિશેષ અંકનું વિમોચન કર્યું હતું અને રાજભાષા ગૌરવ અને રાજભાષા કીર્તિ એવોર્ડ પણ એનાયત કર્યા હતા. તેમણે એક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો હતો.

## HEALTH--ICMR

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ-આઈસીએમઆર એ પ્રથમ માનવ તબીબી તપાસને આગળ વધારવા માટે ફાર્મા કંપનીઓ અને શૈક્ષણિક ભાગીદારો સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર ક્લિનિકલ ટ્રાયલ્સમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા અને સ્વદેશી ફાર્માસ્યુટિકલ સેક્ટરની પ્રગતિ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ ભાગીદારી સહકારની પ્રશંસા કરતા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે તમામ નાગરિકો માટે સસ્તી અને સુલભ સારવારની દિશામાં આ કરાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે આ પહેલ ભારતને વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય નવીનીકરણમાં અગ્રેસર કરવામાં મદદ કરશે.

ડૉ. રાજીવ બહલે, આરોગ્ય સંશોધન વિભાગના સચિવ અને ICMRના મહાનિર્દેશક, જણાવ્યું હતું કે આ કરાર જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા ભારતમાં ક્લિનિકલ સંશોધનને આગળ વધારવા માટે વિભાગની પ્રતિબદ્ધતા દર્શાવે છે.. તેમણે કહ્યું કે આરોગ્ય સંશોધન વિભાગ ભારત નવીન અને સસ્તી આરોગ્ય સંભાળની

દિશામાં આગળ વધતી  રહે તેની ખાતરી કરવા માટે આ નેટવર્કને આગળ લઈ જવાની યોજના બનાવી રહી છે.

## SPORTS-ROUND-UP

ભારતે  આજે ચીનના હુલુનબુર ખાતે પાકિસ્તાનને 2-1થી હરાવીને  હીરો એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.. પાકિસ્તાને આઠમી મિનિટે અહમદ નદીમ દ્વારા લીડ મેળવી હતી તે પહેલા સુકાની હરમનપ્રીત સિંહે બે પેનલ્ટી કોર્નરને ફેરવીને ભારતને જીત અપાવી હતી. ચીન અને જાપાન વચ્ચેની છેલ્લી લીગ મેચ નક્કી કરશે કે મલેશિયા અને ચીનમાંથી કઈ ટીમ સેમિફાઈનલમાં ભારત, પાકિસ્તાન અને કોરિયા સાથે રમશે.

બેડમિન્ટનમાં, વિયેતનામ ઓપન સુપર 100 ટુર્નામેન્ટમાં ભારતીય જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની આશાસ્પદ દોડનો અણધાર્યો અંત આવ્યો કપિલાની બીમારીના કારણે  આ જોડીને આજે તેમની સેમિફાઇનલ મેચમાંથી ખસી જવાની ફરજ પડી., કપિલાને  સતત તાવ અને પીઠમાં દુખાવો હોવાથી તેના માટે મેચમાં ભાગ લેવો અશક્ય બન્યો હતો.

## Krushi rajya mantri

કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી રામ નાથ ઠાકુરે કહ્યું છે કે ભારત ખાદ્ય સુરક્ષા અને પોષણ સુનિશ્ચિત કરવા માટે વિશ્વના સૌથી મોટા ખાદ્ય-આધારિત સુરક્ષા નેટ કાર્યક્રમોનો અમલ કરી રહ્યું છે. આજે બ્રાઝિલના કયુબા માં યોજાયેલી G20 કૃષિ મંત્રી સ્તરની બેઠકને સંબોધતા શ્રી ઠાકુરે ભારપૂર્વક જણાવ્યું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત કૃષિ વિકાસને પ્રાથમિકતા આપે છે. તેમણે કહ્યું કે, ભારતનો અભિગમ માત્ર ઉત્પાદકતા પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનો નથી પરંતુ આર્થિક, સામાજિક, પર્યાવરણીય ટકાઉપણું, ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો કરવા અને વિકાસ માટે વ્યાપક દ્રષ્ટિકોણને મૂર્તિમંત કરે છે. મંત્રીએ ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્ય

માટે મજબૂત કૃષિ પ્રણાલી વિકસાવવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો હતો.

## PM---EX-GRATIA.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગાંધીનગરના દહેગામમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડૂબી જનાર આઠ લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. આ ઘટનાના દરેક મૃતકોના વારસદારો માટે પ્રધાનમંત્રીએ રાહત કોષમાંથી બે લાખ રૂપિયાની જ્યારે ઘાયલોને 50,000 રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.. અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટે જણાવ્યું હતું કે ગત સાંજે ગણેશ મૂર્તિઓના વિસર્જન દરમિયાન મેશ્વો નદીમાં સ્નાન કરતી વખતે આઠ લોકો ડૂબી ગયા હતા. તમામ મૃતકો ગાંધીનગરના વાસણા સોગઠી ગામના રહેવાસી હતા.

દરમિયાન વાસણા સોગઠી ગામે આ તમામ મૃતકોની આજે સવારે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી..એક સાથે આઠ યુવકોની સ્મશાન યાત્રા નીકળતા ગામમાં ગમગીની છવાઈ હતી..

## I-B-MINISTRY---IFFI

માહિતી અને પ્રસારણ મંત્રાલયે યુવા ફિલ્મ નિર્માતાઓ માટે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) 2024ના ભાગ રૂપે એક નવો વિભાગ શરૂ કર્યો છે જેને "શ્રેષ્ઠ ડેબ્યુ ઈન્ડિયન ફિલ્મ સેક્શન 2024" કહેવાય છે. 55 મો આંતરરાષ્ટ્રીય ભારતીય ફિલ્મ મહોત્સવ IFFI 20મી નવેમ્બરથી 28મી નવેમ્બર દરમિયાન ગોવામાં યોજાવાનો છે. આ વિભાગ દ્વારા, IFFI ભારતીય નવી ફિલ્મો પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં દેશભરમાંથી વિવિધ પ્રકારની કથાઓ અને સિનેમેટિક શૈલીઓનું પ્રદર્શન કરવામાં આવશે. આ પસંદગીઓ યુવા ફિલ્મ નિર્માતાઓની સર્જનાત્મક દ્રષ્ટિ અને અનન્ય વાર્તા કહેવાના અભિગમોને પ્રકાશિત કરશે.

## MUMBAI - WAQF BILL

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે વિજ્ઞાન, ઉદ્યોગ, કાયદો અને રમતગમત સહિત વિવિધ ક્ષેત્રોમાં પારસી સમુદાયના યોગદાનને બિરદાવ્યું હતું. મુંબઈમાં પારસી હેરિટેજ પરના સત્રમાં મુખ્ય વક્તવ્ય આપતાં, શ્રી. રિજિજુએ કહ્યું કે પારસી સમુદાય ઘટતી વસ્તીના પડકારનો સામનો કરી રહ્યો છે. આ મુદ્દાને ઉકેલવા માટે, દેશમાં પારસી વસ્તી વધારવા માટે 'જિયો પારસી' યોજના લાગુ કરવામાં આવી રહી છે.

દરમિયાન મીડિયા સાથે વાત કરતા શ્રી. રિજિજુએ કહ્યું હતું કે વકફ (સુધારા) બિલને લઈને કોઈએ ખોટી માહિતી ફેલાવવી જોઈએ નહીં . તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બિલની સમીક્ષા કરવા માટે એક સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે અને સંબંધિત વ્યક્તિઓ સમિતિ સમક્ષ તેમના મંતવ્યો રજૂ કરી શકે છે.

## SRILANKA-HINDI-DIWAS

શ્રીલંકામાં કેન્ડી ખાતેના ભારતના સહાયક ઉચ્ચ આયોગે આજે હિન્દી દિવસ મનાવ્યો હતો. ભારતના રાજદૂતની સાંસ્કૃતિક ટુકડીએ શુક્રવારે કોલંબોમાં હિન્દી દિવસ મનાવ્યો હતો.

સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક,કેન્દ્રમાં 30 શ્રીલંકા પોલીસ કર્મચારીઓનો હિન્દી અભ્યાસક્રમ પણ પૂરો થયો હતો. શ્રીલંકામાં ભારતના રાજદૂત સંતોષ ઝાએ પોલીસ કર્મચારીઓની ત્રીજી બેચને સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે બોલાતી હિન્દી અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ કાર્યક્રમમાં કેન્દ્રના વાર્ષિક હિન્દી પ્રકાશન “શ્રીલંકા હિન્દી સમાચાર”નું વિમોચન પણ કર્યું. એ જ રીતે, જાફના અને હંબનટોટા ખાતેના રાજદૂતે પણ ગઈકાલે હિન્દી દિવસ મનાવ્યો હતો